[illegible]

# [illegible]

[illegible]

[illegible] —અમદાવાદ

[illegible]

શેઠ [illegible]

તરફથી [illegible]

[illegible] મુમુક્ષુજનોને

ભેટ આપવા માટે ૨૦૦૦ [illegible]

આ [illegible]

[illegible]

[illegible] તેને ... સ્થળે રાખવા યોગ્ય ... [illegible]

[illegible]

[illegible] છે.

[illegible]

૧૨૯૮

# પ્રાર્થના.

त्वामामनन्ति मुनयः परमम् पुमांस-
मादित्य वर्णममलम् तमसः पुरस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युम्
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र! पन्थाः ।

માને પરંપુરૂષ સર્વ મુનિ તમોને,
ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે.
પામી તને ભલી રીતે, જન મૃત્યુ જીતે,
છે ના બીજો, મુનીશ ! મોક્ષ તણોજ પંથ.

મુનીઓના ઇન્દ્ર સરખા હે પ્રભો ! સર્વે મુની જનો તમને પરમપુરૂષ અથવા મહાપુરૂષ માને છે, અને ( અજ્ઞાન રૂપી ) અંધકાર સમયે તમને શુદ્ધ સૂર્ય સમાન ગણે છે. જે તમને ભલી રીતે પામે છે તેજ મૃત્યુને જીતે છે. મોક્ષ (નગરી) મા જવા માટે તમારા સિવાય બીજો કોઇ સહીસલામત રસ્તો નથી.

त्वामव्ययम् विभु मचिन्त्य मसंख्य माद्यम्
ब्रह्माण मीश्वर मनन्त मनंगकेतुम् ।
योगीश्वरम् विदितयोग मनेक मेकम्
ज्ञानस्वरूप ममलम् प्रवदन्ति सन्तः ॥

તું આદ્ય, અવ્યય, અચિન્ત્ય, અસંખ્ય, વિભુ,
છે બ્રહ્મ, ઇશ્વર, અનંત, અનંગશત્રુ;
યોગીશ્વરો, વિદિતયોગ, અનેક, એક,
કહે છે તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત.

હે પ્રભો! તું (આદ્ય=) સર્વથી પહેલો છે, (અવ્યય=) રૂપાન્તર ન થઇ શકે તેવો છે; (અચિન્ત્ય=) કલ્પનામાં ન આવી શકે તેવો છે, અસંખ્ય છે, તુંજ બ્રહ્મા છે, ને તુંજ ઇશ્વર છે, તું (અનંત=) જેનો અંત નહિ એવો છે, અંગ વગરના કામદેવનો શત્રુ છે. યોગી જનોનો ઇશ્વર છે અને યોગને જાણનાર છે. તું અનેક છે તેમજ એક છે; એવી રીતે સંતપુરૂષો તને જુદા જુદા નામથી બોલાવે છે અને વળી સાક્ષાત જ્ઞાનસ્વરૂપ [illegible] નિર્મળ પણ કહે છે.

बुद्धस्त्वमेव विबुधार्चित ! बुद्धिबोधात्
त्वं शंकरोसि भुवनत्रयशंकरत्वात् ।
धातासि धीर ! शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥

છો બુદ્ધિ-બોધક તમે સુરપૂજ્ય ! **બુદ્ધ**,
છો **શંકરા** ત્રિભુવને જનસુખકાર;
છો મોક્ષમાર્ગ વિધિધારણથીજ **ધાતા**,
છો સ્પષ્ટ આપ **પુરુષોત્તમ** સ્વામી ત્રાતા !

*વિબુધ અથવા દેવો વડે પૂજાયલા હે **પ્રભો** ! તમે બુદ્ધિના બોધ કરો છો માટે **બુદ્ધ** છો, ત્રણે જગતને **શં** એટલે સુખ કરનારા છો માટે **શંકર** જ છો, હે ધીર ! મુક્તિમાર્ગને ધારણ કરનારા હોવાથી તમેજ **ધાતા** છો અને (વધારે શું કહું ?) હે **ભગવન્** ! તમે પોતેજ સ્પષ્ટ **પુરુષોત્તમ** છો !

---

× કેવા દેવની પ્રાર્થના કરીએ છીએ તે આ તથા પાછલો શ્લોક કહી બતાવે છે દરેક વિશેષણ ઉપર મનન કરવું--ધ્યાન ધરવું.

तुभ्यं नम स्त्रिभुवनार्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ! ।
तुभ्यं नम स्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥

ત્રૈલોક-દુ:ખ-હર નાથ ! તને નમોસ્તુ !
પૃથ્વી તણા અમલ ભૂષણને નમોસ્તુ !
ત્રૈલોકનાજ પરમેશ્વરને નમોસ્તુ !
સંસાર-સર શોષક જિનને નમોસ્તુ !

* હે નાથ ! ત્રિલોકનાં દુ:ખ ટાળનાર આપને મારા નમસ્કાર હો ! પૃથ્વીના નિર્મળ અલંકારરૂપ આપને મારા નમસ્કાર હો ! ત્રણે જગતના મહાન ઇશ્વર ! આપને મારા નમસ્કાર હો ! હે જિન પ્રભો ! ભવરૂપી સાગરને શોષણ કરનાર આપને મારા નમસ્કાર હો !

---

* પ્રથમના ૩ શ્લોકમા પ્રભુના ગુણો કહ્યા પછી, એ ગુણને લીધે અત્યંત ભક્તિભાવ સ્ફુરવાથી ઉપરા ઉપરી નમસ્કાર કરવાના આ શ્લોક છે

मत्तद्विपेन्द्र मृगराज दवानलाहि—
संग्रामवारिधि महोदर बंधनोत्थम् ॥
तस्याशु नाशमुपयाति भयं भियेव
यस्तावकम् स्तवमिमम् मतिमान धीने ॥

જે મત્ત હસ્તિ, સરપ, સિંહ, દવાનલાગ્નિ,
સંગ્રામ, સાગર, જળોદર, બંધનોથી-
પેદા થયેલ ભય તે, ઝટ નાશ પામે;
ત્હારૂં કરે સ્તવન આ મતિમાન પાઠે.

હે પ્રભો ! જે બુદ્ધિમાન માણસ તમારા આ સ્તવનનો પાઠ કરે છે તેને મદોન્મત્ત હાથીથી, સિંહથી, દાવાનલ અગ્નિથી, યુદ્ધથી, જળોદર આદિ રોગથી, બંધનથી, એમ હરકોઈ બાબતથી ભય પેદા થયો હોય તે નાશ પામે છે—જેમ ભયથી કોઈ નાશે તેમ આ સર્વે ભગો આપના ભયથીજ નાશે છે.

# બાર ' ભાવના '

(૧) આ મારૂં શરીર, વૈભવ, લક્ષ્મી તેમજ મારો કુટુંબ-પરિવાર એ સર્વ વિનાશી છે. હું પોતે અવિનાશી છું વિનાશીના મોહમાં શા માટે હું મુંઝાઇ રહું છું ?

(૨) મરણ સમયે મારો વૈભવ, લક્ષ્મી કે કુટુંબ-પરિવાર મને બચાવશે નહિ, તેમજ સાથ-વારો પણ કરશે નહિ. અશરણ એવા મને, માત્ર ધર્મનું જ શરણ છે.

(૩) મેં ( મારા આત્માએ ) સંસાર-સમુદ્રમાં ભમતાં ઘણા ભવ કર્યા છે. હવે હું તે બેડીથી ક્યારે મુક્ત થઇશ ?

(૪) આ મારો આત્મા એકલો છે; તે એકલો આવ્યો છે, એકલો જશે અને કરેલાં સારાં ખોટાં ફળ એકલોજ ભોગવશે.

(૫) હું કોઇનો નથી; કોઇ મારૂં નથી.

(૬) શરીર અપવિત્ર છે, મળમૂત્રની ખાણ છે;

રોગ—જરાનું નિવાસ ધામછે. (હું તેથી ન્યારો છું.)

(૭) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, અશુભયોગ અને કષાય એ પાંચ, પાપને દાખલ થવાના ગરનાળાં અથવા આશ્રવ છે.

(૮) સમકિત, વ્રતપચ્ચખાણ, અપ્રમાદ, શુભયોગ અને અકષાય એ પાચ, આવતા કર્મને રોકનારાં બારણા આગર સંવર છે.

(૯) અનશન, ઉનોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, ઇન્દ્રિય પડિસંલીનતા, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન, ધ્યાન અને કાઉસ્સગ્ગ એ બાર, પૂર્વે દાખલ થઇ ગયેલાં પાપોને બાળનારા અગ્નિ સમાન—નિર્જરા—છે.

(૧૦) હું હાલ અમુક ઘરમા છું એટલે કુવામાના દેડકા માફક આનંદમા રહ્યો છું. પરંતુ ચૌદ રાજલોક આગળ હું અને મારૂં હાલનું રહેઠાણ કોણ માત્ર છે? ઉભા મનુષ્યના આકારે આવી રહેલા ચૌદ રાજલોકમાં—નીચે, ભુવનપતિ, વ્યંતર અને સાત નર્ક છે; વીચ્છે, અઢીદ્વીપ

આવી રહ્યા છે. ઉંચે, બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન અને તે ઉપર અનંત સુખમય પવિત્ર સિદ્ધગતિની પડોશી સિદ્ધશિલા છે.

(૧૧) ભવભ્રમણ કરતા કરતા સમ્યક્ જ્ઞાનની પ્રસાદી મળવી એ ઘણી દુર્લભ છે.

(૧૨) ધર્મના ઉપદેશક તથા શુદ્ધશાસ્ત્રના બોધક એવા ગુરૂ અને શ્રવણ મળવું અતિ દુર્લભ છે.

## એક સાચી ભાવના.

સનાતન જૈન ધર્મના અલંકાર અને હથીઆર રૂપ શ્રી "જૈનહિતેચ્છુ" માસિક પત્ર કે જેના અંગે આવાં ઉત્તમ પુસ્તકો ને ઉત્તમ કામો થયાંજ કરેછે તે પત્ર દિન પ્રતિદિન વધારે ને વધારે પ્રકાશમાન થાઓ! મારાથી તે રૂડા કામને બનતી મદદ મળો! એ પત્ર વડે જૈનોની સાંસારિક અને ધાર્મિક ઉન્નતિ થાઓ!

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | |
| ૨ | ૧ | ૩ | ૪ | |
| ૧ | ૩ | ૨ | ૪ | |
| ૩ | ૧ | ૨ | ૪ | |
| ૨ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૩ | ૫ |
| ૨ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૩ | ૪ | ૨ | ૫ |
| | ૧ | ૪ | ૨ | ૫ |
| | ૪ | ૩ | ૨ | ૫ |
| | ૧ | ૩ | ૨ | ૫ |
| ૩ | ૪ | ૧ | ૨ | ૫ |
| ૪ | ૩ | ૧ | ૨ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૧ | ૫ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૧ | ૫ |
| ૪ | ૩ | ૨ | ૧ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૨ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૪ |
| ૨ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૩ | ૪ |
| ૨ | ૧ | ૫ | ૩ | ૪ |
| ૧ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૩ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૨ | ૪ |
| ૩ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૫ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૩ | ૧ | ૨ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| १ | २ | ४ | ५ | ३ |
| २ | १ | ४ | ५ | ३ |
| १ | ४ | २ | ५ | ३ |
| ४ | १ | २ | ५ | ३ |
| २ | ४ | १ | ५ | ३ |
| ४ | २ | १ | ५ | ३ |

| | | | | |
|---|---|---|---|---|
| १ | २ | ५ | ४ | ३ |
| २ | १ | ५ | ४ | ३ |
| १ | ५ | २ | ४ | ३ |
| ५ | १ | २ | ४ | ३ |
| २ | ५ | १ | ४ | ३ |
| ५ | २ | १ | ४ | ३ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૧ | ૫ | ૪ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૪ | ૧ | ૨ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૩ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૩ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૫ | ૨ |
| ૩ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૨ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૧ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૫ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૫ | ૩ | ૧ | ૪ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૫ | ૩ | ૨ |
| ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૧ | ૪ | ૩ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૨ |
| ૩ | ૫ | ૪ | ૧ | ૨ |
| ૫ | ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૩ | ૧ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૧ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૫ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૪ | ૧ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૫ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૧ |
| ૫ | ૪ | ૨ | ૩ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ |
| ૩ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

# साधु वंदन.



નમું અનંત ચોવીશી, ઋષભાદિક મહાવીર;
આર્ય ક્ષેત્રમાં, ઘાલી ધર્મની શીર. ૧
મહા અતુલ્યબળિ નર, શૂર વીરને ધીર,
તીરથ પ્રવર્તાવી, પહોત્યા ભવજળ તીર. ૨
શ્રીમંધર પ્રમુખ, જઘન્ય તિર્થંકર વીશ;
છે અઢીદ્વીપમા, જયવંતા જગદીશ. ૩
એકસો ને સિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ;
ધન્ય મોટા પ્રભુજી, જેને નમાવું શીશ. ૪
કેવળી દોય કોડી, ઉત્કૃષ્ટા નવ કોડિ;
મુનિ દો સહસ કોડિ, ઉત્કૃષ્ટા નવ સહસ કોડિ. ૫
વિચરે વિદેહે, મ્હોટા તપસી ઘોર;
ભાવે કરિ વંદું, ટાળે ભવની ખોડ. ૬
ચોવીશે જિનના, સઘળા એ ગણધાર;
ચૌદસેંને બાવન, તે પ્રણમું સુખકાર. ૭
જિનશાશન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ;
ગૌતમાદિક ગણધરે, વર્ત્તાવ્યો આણંદ. ૮

શ્રી ઋષભદેવના, ભરતાદિક સો પૂત;
વૈરાગ્ય મન આણી, સંયમ લિયો અદભુત.૯
કેવળ ઉપરાજ્યું, કરી કરણી કરતૂત;
જિનમત દીપાવી, સઘળા મોક્ષ પહુંત. ૧૦
શ્રી ભરતેશ્વરના, હુઆ પટોધર આઠ;
આદિત્ય જશાદિક, પહોત્યા શિવપુર વાટ. ૧૧
શ્રી જિન અંતરના, હુવા પાટ અસંખ્ય;
મુનિ મુગતે પહોત્યા, ટાળિ કર્મના વંક. ૧૨
ધન્ય કપિલ મુનિવર, નમિ નમું અણગાર,
જેણે તરતજ ત્યાગ્યો, સહુસ રમણિ પરિવાર.૧૩
મુનિવર હર કેશી, ચિત્ત મુનીશ્વર સાર,
શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર. ૧૪
વળિ ઇષુકાર રાજા, ઘેર કમળાવતિ નાર;
ભગૂ ને જશા, તેહુના દોય કુમાર. ૧૫
ઋદ્ધિ છએ છાંડી, લીધો સંયમ ભાર;
ઇણ અલ્પકાળમાં, પામ્યા મોક્ષ દુવાર. ૧૬
વળિ સંયતિ રાજા, હરણું આહિડે જાય;
મુનિવર ગદભાળી, આણ્યો મારગ ઠાય. ૧૭

ચારિત્ર લેઇને, ભેટયા ગુરૂના પાય;
ક્ષત્રિરાજ ઋષીશ્વર, ચર્ચા કરી ચિત્ત લાય. ૧૮
વળિ દશ ચક્રવર્ત્તિ, રાજ્ય રમણિ ઋદ્ધિ છોડ
દશે મુગતે પહોત્યા, કુળને શોભા ચોડ. ૧૯
ઈણ અવસર્પિણીમાં, આઠ રામ ગયા મોક્ષ;
બળભદ્ર મુનીશ્વર, ગયા પંચમ દેવલોક. ૨૦
દશાર્ણભદ્ર રાજા, વીર વાંધા ધરિ માન;
પછી ઈંદ્ર હઠાયો, દિયો છકાય અભેદાન. ૨૧
કરકંડૂ પ્રમુખ, ચારે પ્રત્યેક બુદ્ધ;
મુનિ મુગતે પહોત્યા, જીત્યા કર્મ મહા જોદ્ધ. ૨૨
ધન્ય મ્હોટા મુનિવર, મૃગાપુત્ર જગીશ,
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીશ. ૨૩
વળિ સમુદ્રપાળ મુનિ, રાજીમતિ રહનેમ;
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર ક્ષેમ. ૨૪
ધન્ય વિજયઘોષમુનિ, જયઘોષ વળિ જાણ;
શ્રી ગર્ગાચારજ, પહોત્યા છે નિરવાણ. ૨૫
શ્રી ઉત્તરાધ્યયનમાં, જિનવરે કર્યા વખાણ;
શુદ્ધ મનથી ધ્યાવો, મનમાં ધીરજ આણ. ૨૬

વળી ખંધક સંન્યાસી, રાખ્યો ગૌતમ સ્નેહ;
મહાવીર સમીપે, પંચ મહાવ્રત લેહ. ૨૭
તપ કઠણ કરીને, ઝોંસી આપણિ દેહ;
ગયા અચ્યુત દેવલોકે, ચ્યવિ લેશે ભવછેહ. ૨૮
વળિ ઋષભદત્ત મુનિ, શેઠ સુદર્શન સાર;
શિવરાજ ઋષીશ્વર, ધન્ય ગાગેય અણગાર. ૨૯
શુદ્ધ સંયમ પાળી, પામ્યા કેવળ સાર;
એ ચારે મુનિવર, પહોત્યા મોક્ષ મોઝાર. ૩૦
ભગવંતની માતા, ધન્ય સતિ દેવાનંદા,
વળિ સતી જયંતિ, છોડ દિયા ઘર ફંદા. ૩૧
સતિ મુગતે પહોત્યા, વળિ તે વીરની નંદા;
મહાસતી સુદર્શના ઘણિ સતિયોના વૃંદા. ૩૨
વળિ કાર્તિક શેઠે, પડિમા વહિ શુર વીર;
જમ્યા મહોરા ઊપર, તાપસ બળતી ખીર. ૩૩
પછિ ચારિત્ર લીધું, સહસ્ત્ર આઠ સહ; વીર;
મરિ હુવા શક્રેન્દ્ર, ચ્યવિ લેશે ભવ તીર. ૩૪
વળિ રાય ઉદાઇ, દિયા ભાણેજને રાજ;
પછિ ચારિત્ર લેઇને, સાર્યા આતમ કાજ; ૩૫
ગંગદત્ત મુનિ આણંદ, તરણ તારણ જહાજ;

કુશળ મુનિ રૂહો, દિયો ઘણાને સાજ. ૩૬
ધન્ય સુનક્ષત્ર મુનિવર સર્વાનુભુતિ અણગાર;
આરાધિક હુઇને, ગયા દેવલોક મોઝાર. ૩૭
ચ્યવિ મુગતે જાશે, સિંહ મુનીશ્વર સાર;
બીજા પણ મુનિવર, ભગવતિમા અધિકાર. ૩૮
શ્રેણિકનો બેટો, મોટા મુનિવર મેઘ;
તજી આઠ અંતેઉરિ, આણ્યો મન સંવેગ. ૩૯
વીરપેં વ્રત લેઇને, બાંધી તપની તેગ;
ગયા વિજય વિમાને, ચ્યવિ લેશે શિવ વેગ. ૪૦
ધન્ય થાવચ્ચપુત્ર, તજી બત્રીશે નાર,
જેની સાથે નીકળ્યા, પુરૂષ એક હજાર. ૪૧
શુકદેવ સંન્યાસી, એક સહસ્ર શિષ્ય લાર;
પંચશયશું શેલક, લીધો સંયમ ભાર. ૪૨
સવી સહસ અઢાઈ, ઘણા જીવોને તાર;
પુંડરગિરી પર કિયો, પાદોપગમન સંથાર. ૪૩
આરાધિક હુઇને. કીધો ખેવો પાર;
હુવા મોટા મુનિવર, નામ લિયાં નિસ્તાર. ૪૪
ધન્ય જિનપાળ મુનિવર, દોય ધનાવા સાધ;
ગય પ્રથમ દેવલોકે, મોક્ષ જશે આરાધ. ૪૫

મલ્લિનાથના મહાબળ,પ્રમુખ છ મુનિરાય;
સો મુગતે સધાવ્યા, મોટી પદવી પાય. ૪૬
વળિ જિતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન,
પોતે ચારિત્ર લેઇને, પામ્યા મોક્ષ નિધાન. ૪૭
ધન્ય તેતળિ મુનિવર, દિયો છકાય અભેદાન;
પોટિલા પ્રતિબોધ્યા, પામ્યા કેવળજ્ઞાન. ૪૮
ધન્ય પાંચે પાંડવ, તજી દ્રૌપદી નાર;
સ્થિવરની પાસે, લીધો સંયમ ભાર. ૪૯
શ્રી નેમિ વંદનનો, એવો અભિગ્રહ કીધ;
માસ માસખમણ તપ,શત્રુંજય જઇ સિદ્ધ.૫૦
ધર્મઘોષતણા શિષ્ય, ધર્મરૂચિ અણગાર;
કીડિયોની કરૂણા,આણી દયા અપાર ૫૧
કડવા તુંબાનો, કીધો સઘળો આહાર;
સર્વાર્થસિદ્ધ પહોત્યા,ચ્યવિ લેશે ભવ પાર. ૫૨
વળિ પુંડરિક રાજા, કુંડરિક ડગિયો જાણ;
પોતે ચારિત્ર લેઇને,ન ઘાલી ધર્મમાં હાણ. ૫૩
સર્વાર્થસિદ્ધ પહોત્યા, ચ્યવિ લેશે નિરવાણ;
શ્રી જ્ઞાતાસૂત્રમાં, જિનવરે કર્યા વખાણ. ૫૪
ગૌતમાદિક કુંવરો, સગા અઢારે ભ્રાત;

સર્વઅંધકવિષ્ણુસુત, ધારણિ જેની માત. ૫૫
તજી આઠ અંતેઉરી, કરી દીક્ષાની વાત;
ચારિત્ર લેઇને, કીધો મુક્તિનો સાથ. ૫૬
શ્રી અણિકસેનાદિક, છયે સહોદર ભ્રાત;
વસુદેવના નંદન, દેવકી જેની માય. ૫૭
ભદ્દિલપુર નગરી, નાગ ગાહાવઇ જાણ,
સુળસા ઘેર વધિયા, સાંભળિ નેમિની વાણ. ૫૮
તજી બત્રીસ અંતઉરી, નીકળિયા છટકાય;
નળ કુબેર સરીખા, ભેટ્યા નેમિના પાય. ૫૯
કરિ છઠ છઠ પારણાં, મનમેં વૈરાગ્ય લાય;
એક માસ સંથારે, મુગતિ બિરાજ્યા જાય. ૬૦
વળિ દારૂક સારણ, સુમુખ દુમુખ મુનિરાય;
વાળ કુમર અનાદૃષ્ટિ, ગયા મુગતિ ગઢમાંય. ૬૧
વસુદેવના નંદન, ધન્ય ધન્ય ગજસુકુમાળ;
રૂપે અતિ સુંદર, કુળવંત વય બાળ. ૬૨
શ્રી નેમિ સમીપે, છોડ્યો મોહ જંજાળ;
ભિક્ષુની પડિમા, ગયા મસાણ મહાકાળ. ૬૩
દેખી સોમિલ કોપ્યો, મસ્તકે બાંધી પાળ;
ખેરતણા ખીરા, શિર ઠવિયા અસરાળ. ૬૪

મુનિ નજર ન ખંડી, મેટી મનની જાળ;
પરીસહુ સહિને, મુગતિ ગયા તતકાળ ૬૫
ધન્ય જાળી મયાળી, ઉવયાલાદિક સાધ;
સાંબ પ્રદ્યુમન, અનિરૂદ્ધ સાધુ અગાધ. ૬૬
વળિ સત્યનેમિ દૃઢનેમિ, કરણી કીધી વાદ;
દશે મુગતે પહોત્યા, જિનવર વચન આરાધ. ૬૭
ધન્ય અર્જુનમાળિ, કિયો કદાગ્રહુ દૂર;
વીરપેં વ્રત લેઇને, સત્યવાદિ હુવા શૂર. ૬૮
કરિ છઠ છઠ પારણાં, ક્ષમા કરી ભરપૂર;
છ માસની માહી, કર્મ કિયાં ચકચુર. ૬૯
કુંવર અઇમુત્તે, દીઠા ગૌતમસ્વામ;
સુણિ વીરની વાણી, કીધો ઉત્તમ કામ. ૭૦
ચારિત્ર લેઇને, પહોત્યા શિવપુર ઠામ,
ધુર આદિ મકાઇ, અંત અલક્ષ મુનિ નામ. ૭૧
વળિ કૃષ્ણરાયની, અગ્રમહિષી આઠ;
પુત્ર વહુ દોયે, સંચ્યા પુણ્યના ઠાઠ. ૭૨
જાદવકુળ સતિયાં, ટાળ્યો દુઃખ ઉચાટ;
'પહોત્યાં શિવપુરમેં', એ છે સૂત્રનો પાઠ ૭૩
શ્રેણિકની રાણી, કાળિઆદિક દશ જાણુ;

દશે પુત્ર વિયોગે, સાંભળી વીરની વાણ. ૭૪
ચંદનબાળાપે, સંયમ લેઇ હુવાં જાણ,
તપ કરી દેહ ઝોસી, પહોત્યાં છે નિરવાણ. ૭૫
નંદાદિક તેરે, શ્રેણિક નૃપની નાર;
ચંદનબાળાપે, લીયો સંયમ ભાર. ૭૬
એક માસ સંથારે, પહોત્યાં મુકિત મોઝાર;
એ નેવું જણાનો, અંતગડમાં અધિકાર. ૭૭
શ્રેણિકના બેટા, જાળિયાદિક તેવીશ,
વીરપે વ્રત લેઇને, પાળ્યો વિશ્વાવીશ. ૭૮
તપ કઠણ કરીને. પૂરી મન જગીશ;
દેવલોકે પહોત્યા, મોક્ષ મહીં થશે ઇશ. ૭૯
કાકંદિનો ધન્નો, તજી બત્રીશે નાર;
મહાવીર સમીપે, લીધો સંયમ ભાર. ૮૦
કરિ છઠ છઠ પારણાં, આયંબિલઉચ્છિષ્ઠહાર;
શ્રી વીરે વખાણ્યા, ધન ધન્નો અણગાર. ૮૧
એક માસ સંથારે, સર્વાર્થસિદ્ધ પહુંત;
મહાવિદેહ ક્ષેત્રમાં, કરશે ભવનો અંત. ૮૨
ધન્નાની રીતે, હુવા નવે સંત;
શ્રી અનુત્તરોવવાઈમાં, ભાખી ગયા ભગવંત. ૮૩

સુબાહુ પ્રમુખ, પાંચ પાંચશે નાર;
તજી વીરપેં લીધાં, પચ મહાવ્રત સાર. ૮૪
ચારિત્ર લેઇને, પાળ્યાં નિરતિચાર,
દેવલોકે પહોત્યા, સુખવિપાકે અધિકાર. ૮૫
શ્રેણિકના પ્રૌત્રા, પૌમાદિક હુવા દશ;
વીરપેં વ્રત લેઇને, કાઢયો દેહનો કસ. ૮૬
સંયમ આરાધી, દેવલોકમા જઇ વશ;
મહાવિદેહ ક્ષેત્રમાં, મોક્ષ જાશે લેઈ જશ.૮૭
બળભદ્રના નંદન, નિષધાદિક હુવા બાર;
તજી પચાસ અંતેઉરિ,ત્યાગ દિયો સંસાર. ૮૮
સહુ નેમિ સમીપે, ચાર મહાવ્રત લીધ;
સર્વાર્થસિદ્ધ પહોત્યા, હોશે વિદેહે સિદ્ધ. ૮૯
ધન્નો ને શાળિભદ્ર, મુનીશ્વરોની જોડ;
નારીનાં બંધન, તતક્ષણ નાંખ્યાં ત્રોડ. ૯૦
ઘર કુટુંબ કબીલો, ધન કંચનની કોડ;
માસ માસખમણ તપ,ટાળશે ભવની ખોડ.૯૧
સુધર્મસ્વામીના શિષ્ય ધન્ય જંબૂસ્વામ;
તજી આઠ અંતેઉરી, માતપિતા ધન ધામ. ૯૨
પ્રભવાદિક તારી, પહોત્યા શિવપુર ઠામ,

સુત્ર પ્રવર્ત્તાવી, જગમાં રાખ્યું નામ. ૯૩
ધન્ય ઢંઢણ મુનિવર, કૃષ્ણરાયના નંદ;
શુદ્ધઅભિગ્રહ પાળી, ટાળિ દિયો ભવ ફંદ. ૯૪
વળિ ખંધક ઋષિની, દેહ ઉતારી ખાલ;
પરીસહ સહીને, ભવ ફેરા દિયા ટાળ. ૯૫
વળિ ખંધક ઋષિના, હુવા પાંચશે શિષ્ય;
ઘાણીમાં પીલ્યા, મુગતિ ગયા તજી રીશ. ૯૬
સંભૂતિવિજય શિષ્ય, ભદ્રબાહુ મુનિરાય;
ચૌદ પૂરવધારી, ચંદ્રગુપ્ત આણ્યો ઠાય. ૯૭
મુની આર્દ્રકુમાર ને, થુળિભદ્ર નંદિષેણ;
અરણિક અઇમુતો, મુનીશ્વરોની શેણ. ૯૮
ચોવીશજિન મુનિવર, સંખ્યા અઠ્ઠાવીશ લાખ;
ને સહસ અડતાળીશ, સૂત્ર પરંપરા ભાખ. ૯૯
કોઇ ઉત્તમ વાંચો, મોઢે જયણા રાખ;
ઉઘાડે મુખ બોલ્યાં, પાપ લાગે વિપાક. ૧૦૦
ધન્ય મરુદેવી માતા, ધ્યાયો નિર્મળ ધ્યાન;
ગહેદે પાયો, નિર્મળ કેવળજ્ઞાન. ૧૦૧
ધન્ય આદિશ્વરનીપુત્રી, બ્રાહ્મી સુંદરિ દોય;
ચારિત્ર લેઇને, મુગતિ ગયાં સિદ્ધ હોય. ૧૦૨
ચોવીશે જિનની, વડી શિષ્યણી ચોવીશ,

સતી મુગતે પહોત્યાં, પૂરી મન જગીશ. ૧૦૩
ચોવીશે જિનનાં, સર્વ સાધવી સાર;
અડતાળીશ લાખને, આઠશે સિત્તેર હજાર.૧૦૪
ચેડાની પુત્રી, રાખી ધર્મશું પ્રીત,
રાજીમતિ વિજયા, મૃગાવતી સુવિનીત. ૧૦૫
પદ્માવતી મયણરેહા, દ્રૌપદી દમયંતી સીત;
ઈત્યાદિક સતીઓ, ગઇ જન્મારો જીત. ૧૦૬
ચોવીશે જીનનાં, સાધુ સાધવી સાર;
ગયાં મોક્ષ દેવલોકે, હૃદયે રાખો ધાર. ૧૦૭
ઇણ અઢી દ્વીપમાં, ઘરડા તપસી બાળ,
શુદ્ધ પંચમહાવ્રતધારી,નમો નમો ત્રણે કાળ.૧૦૮
એ જતિયો સતિયોનાં, લીજે નિત્યપ્રતે નામ;
શુદ્ધ મને ધ્યાવો, એહ તરવાનું ઠામ. ૧૦૯
એ જતી-સતીશું, રાખો ઉજવળ ભાવ.
એમ કહે ઋષિ જયમલ, એહ તરવાનો દાવ.૧૧૦
સંવત અઢાર ને, વર્ષ સાતો મન ધાર;
શેહેર ઝાલોરમાંહી, એહ કહ્યો અધિકાર. ૧૧



# હિતકર વચનો.



(૧) ધર્મના ૪ રસ્તા છે.—(૧) **દાન**, (૨) **શીલ**, (૩) તપ અને (૪) **ભાવ**. કોઇ પણ માણસ દુનિયામાં એવા નથી કે જેનાથી આ ચારમાનુ એક પણ ન બની શકે.

(૨) **દાન**ના પ્રભાવથી **ધન્નો** અને **શાળીભદ્ર** અગણિત ઋદ્ધિ પામ્યા, દેવલોકે ગયા અને સિદ્ધિપદને વરશે.

(૩) **શીલ** (શિયળ)ના પ્રભાવથી **સુદર્શન** શેઠની સળી ફીટીને સિંહાસન થયુ હતું અને કલાવતીના કપાયલા કાંડા ફરી આવ્યા હતાં.

(૪) **તપ**ના પ્રભાવથી **ધન્નો** અણગાર, **દૃઢ**પ્રહારી મુની, ઢંઢણ ઋષિ વિગેરે ઘણા પુરૂષો કર્મ ખપાવી મોક્ષ પામ્યા.

(૫) **ભાવ**ના પ્રભાવથી **પ્રસન્નચંદ્ર** રાજર્ષી, **ઇલાચી** કુમાર, **ભરતચક્રી** વિગેરે ઘણા જીવો મોક્ષ પામ્યા.

(૬) છતી શક્તિએ, સ્વહાથે, ઉલ્લાસથી જેઓ રૂડા ક્ષેત્રે ધન વાવરતા નથી તેઓ મરતી વખતે યમદેવને લાંચ તરીકે, રકમ કાઢે અગર, મુઆ પછી વાપરવા સારૂ મોટી રકમો કાઢે તેથી શું થયું?

(૭) શરીર અને બુદ્ધિનું બીજ એવું જે

વીર્ય તે, પરસ્ત્રીમાં અગર કામભોગની તિવ્રાભિ-લાષામાં ગુમાવનાર માણસ સૌથી મોટો **આત્મ-ઘાતી** છે. સર્વ સિદ્ધિ વીર્યમાં રહી છે.

(૮) શક્તિ મુજબ તપ કરવાથી શરીર તેજોમય થાય છે, ઇન્દ્રિયો કાબુમાં આવે છે અને મન શુદ્ધ થાય છે. પણ તપમાં કલેષ થવા જેટલી હદે જવું નહિ અને જ્ઞાન **સહ** તપ કરવા.

(૯) **આર્ત્તરૌદ્ર ધ્યાન** ધ્યાવાથી, માણસ વગર લેવાદેવા નર્કનો અધિકારી થાય છે, મન ઉદ્વેગમાં રહેવાથી કામ સુઝતું નથી અને બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. એથી ઉલટું, **સારી ભાવના** ભાવવાથી બુદ્ધિ નિર્મળ થાય છે, એથી સારાં કૃત્યો થઈ શકે છે અને એમાં ઉંડા ઉતરવાથી ઉત્તમ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

૧ ) કર્મ પ્રમાણે ઉદ્યમવંત થવાનું સુઝે છે અને કર્મનો કડિયો માણસ પોતેજ છે.

(૧૧) વરઘોડા યાત-વરા અને ધામધુમમાં કાંઇ રકમ ખરચો તે પહેલાં વિચારજો કે, એજ રકમમાંથી અન્નદાન, જ્ઞાનદાન કે એવું ઉત્તમ દાન કેટલા જીવોને આપી શકાશે?

(૧૨) પ્રથમ કુટુંબપ્રેમ, પછી સ્વદેશપ્રેમ અને પછી સકળ પ્રાણી વર્ગ ઉપર પ્રેમ એ શ્રેણી ભૂલ-

[illegible] જેવી નથી. [illegible] વરસનાં છોકરાં પુસ્તક [illegible] શીખી શકે નહિ.

૨૩ સામાયિક પ્રતિક્રમણ કરવાને. તેમાંના ઘણા [illegible] છે. એ છોકરાં [illegible] સમજી શકે છે.

૨૪ [illegible] છોકરાંની [illegible] છે.

૨૫ [illegible] અને [illegible] છે. [illegible] તેનો પૂરો [illegible] નથી.

૨૬ પાપ કર્યા પછી આલોચના કરતાં પાપ [illegible] હલકું એમ જાણે સારું છે.

૨૭ [illegible] ગુજરે છે [illegible] માટે દરેક [illegible] શીખવાનો ખપ [illegible].

૨૮ શાંતિ જેવો [illegible] નથી, સંતોષ જેવું [illegible] સુખ નથી, તૃષ્ણા જેવી વ્યાધિ નથી [illegible] નથી.

૨૯ [illegible] પૂર્ણ જોઈએ છે. માટે દરેક કામે [illegible] કરવું, એથી બેવડો લાભ છે.

---

શ્રી '[illegible]' પ્રી. પ્રેસ—અમદાવાદ.

[illegible] માં

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

(૨) ધર્મ [illegible] (૩) [illegible]

*** [illegible]

[illegible]

[illegible]

[illegible]